૦ થી ૫ વર્ષના બાળકોના આધાર કાર્ડની નોંધણી માટે આંગણવાડી કાર્યકર, આશા વર્કર, આંગણવાડી તેડાગર, મુખ્ય સેવિકા, અને નિયામકશ્રી (આઇસીડીએસ) ને પ્રોત્સાહન સહાય ની વહીવટી મંજુરી બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૧૭-૧૭૭૮૫૬-બ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૭-૦૩-૨૦૨૦

સંદર્ભ–

(૧) ઇલેક્ટ્રોનીક અને સૂચના પ્રોદ્યોગિકી મંત્રાલય, UIDAI, ભારત સરકાર, નવીદિલ્હી નો તા.૨૨-૯-૨૦૧૫ નો પત્ર ક્ર: ૪(૪)૫૭/૭૮/૨૦૧૧/ઇ યુ.

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૬-૭-૨૦૧૭ નો ઠરાવ: આઇસીડી-૧૧૨૦૧૭-૧૭૭૮૫૬-બ

(૩) ઇલેક્ટ્રોનીક અને સૂચના પ્રોદ્યોગિકી મંત્રાલય, UIDAI, ભારત સરકાર, નવીદિલ્હી નો તા.૧-૧-૨૦૨૦ નો પત્ર ક્ર: ૪(૪)૫૭/૭૮/૨૦૧૧/ઇ યુ.

આમુખ:

સંદર્ભ(૧) પર દર્શાવેલ ઇલેક્ટ્રોનીક અને સૂચના પ્રોદ્યોગિકી મંત્રાલય, UIDAI, ભારત સરકાર નવીદિલ્હી ના તા.૨૨-૯-૨૦૧૫ના પત્રથી ૦ થી ૫ વર્ષના બાળકોના સફળતાપૂર્વક આધાર નોંધણી (નોંધણી બાદ આધાર નંબર જનરેટ થવો) માટે રજિસ્ટ્રાર ને રૂ.૨૭/- ની સહાય આપવાનું નક્કી થયેલ હતું. સંદર્ભ(૨) પર દર્શાવેલ મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૨૬-૭-૨૦૧૭ ના ઠરાવથી ૦ થી ૫ વર્ષના બાળકોના સફળતાપૂર્વક આધાર નોંધણી માટે આંગણવાડી કાર્યકર/આશા કાર્યકર ને રૂ.૫/-, આંગણવાડી તેડાગરને રૂ.૫/-, મુખ્ય સેવિકાને રૂ.૧૫/-, અને નિયામકશ્રી (આઇસીડીએસ) ને રૂ.૨/- એમ કુલ રૂ.૨૭/- પ્રોત્સાહન રકમ માટે રાજ્ય સરકાર દ્વારા વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી.

સંદર્ભ(૩) પર દર્શાવેલ ઇલેક્ટ્રોનીક અને સૂચના પ્રોદ્યોગિકી મંત્રાલય, **UIDAI,** ભારત સરકાર, નવીદિલ્હી ના તા.૧-૧-૨૦૨૦ ના પત્રથી ૦ થી ૫ વર્ષના બાળકોના સફળતાપૂર્વક આધાર નોંધણી માટે રજિસ્ટ્રારને અગાઉની રૂ.૨૭/- ની સહાયમાં વધારો કરી રૂ.૫૦/- ની સહાય આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. તે મુજબ ઉક્ત સહાય રકમમાં વધારો કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ય વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

૦ થી ૫ વર્ષના બાળકોના સફળતાપૂર્વક આધાર નોંધણી (નોંધણી બાદ આધાર નંબર જનરેટ થવો) માટે આંગણવાડી કાર્યકર, આશા વર્કર, આંગણવાડી તેડાગર, મુખ્ય સેવિકા, અને નિયામકશ્રી (આઇસીડીએસ) ને નીચે મુજબની પ્રોત્સાહન રકમ માટે આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| અનુ.નં. | હોદ્દો / સ્તર | રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| ૧. | આંગણવાડી કાર્યકર/આશા કાર્યકર/અન્ય (વેરીફાયર અને આગણવાડી કેન્દ્રો પર જરૂરી કામગીરી માટે) | ૯/- |
| ૨. | આંગણવાડી તેડાગર/અન્ય (આગણવાડી કેન્દ્રો પર જરૂરી સહયોગ માટે) | ૯/- |
| ૩. | મુખ્ય સેવિકા/અન્ય (ઓપરેટર તરીકે આધાર નોંધણી કરવા માટે) | ૨૮/- |
| ૪. | નિયામકશ્રી આઇસીડીએસ (એનરોલમેન્ટ એજન્સીની કામગીરી અને અન્ય આવશ્યક વહીવટી કામગીરી માટે) | ૪/- |
| | **કુલ** | **૫૦/-** |

ઉપર દર્શાવ્યા મુજબની સહાય તા.૦૧/૦૧/૨૦૨૦ ની અસરથી આપવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્યસચિવશ્રી (નાણાં વિભાગ) ની તા.૪/૩/૨૦૨૦ની તથા માન. મંત્રીશ્રી (મ.બા.વિ.) ની તા.૬/૩/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન. રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી (આયોજન), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
7. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના અંગત મદદનીશ.
8. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
9. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
10. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સર્વે જિલ્લા પંચાયત ની કચેરી
11. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી – તમામ
12. એકાઉન્ટન્ટ જનરલ શ્રી (અમદાવાદ/રાજકોટ)
13. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર
14. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
15. વિભાગીય નાયબ નિયામકશ્રી (આઇસીડીએસ) (અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ)
16. પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ), સર્વે જિલ્લા પંચાયત કચેરી................
17. પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઇસીડીએસ), સર્વે મ્યુનિસિપલ કોર્પોરેશન.................
18. સિસ્ટમ મેનેજર – વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
19. સિલેક્ટ ફાઇલ